# હિસાબ અને તિજોરી નિયામકની કચેરી

ગુજરાત રાજ્ય

☎ ૨૩૨૫૪૫૦૬(ઓફીસ),
(૦૭૯)૨૩૨૫૪૩૭૭(અંગત),
૨૩૨૫૯૭૬૦(ફેક્સ),

"વિમા અને લેખા ભવન" બ્લોક નં.-૧૭
ડૉ. જીવરાજમહેતા ભવન, સેક્ટર-૧૦ બી.
ગાંધીનગર-૩૮૨૦૧૦

તા.૧૬/૧/૨૦૦૭

નંબર : હિતિનિ/ટીસી/ફા.૧૩૪/લઘુત્તમ રકમ/રહેમ પેન્શન/૪૩૩

**વિષયઃ-રહેમીયત પેન્શન અંગે લઘુત્તમ રકમની મર્યાદા સુધારવા બાબત.**

**પરિપત્ર ક્રમાંકઃ ૨ /૨૦૦૭**

ઉપર્યુકત વિષય પરત્વે જણાવવાનું કે, નાણાં વિભાગના ઠરાવ ક્રમાંકઃ નવન/૧૦૮૯/ ૧૩૩/જી.ઓ.આઈ/ ૧૫/૯૦/૫, તા.૨૯/૧૦/૧૯૯૦ થી પેન્શનની લઘુત્તમ મર્યાદાનો લાભ મુંબઈ મુલ્કી સેવા નિયમોના નિયમ -૨૭૪ ની જોગવાઈઓ મુજબ ચુકવાતા રહેમીયત પેન્શન માટે પણ આપવાનું સરકારે ઠરાવેલ હતું. આ બાબત ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) ના નિયમો ૨૦૦૨ અમલમાં આવતા ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો-૨૦૦૨ના નિયમ-૭૯(ખ) નીચેની નોંધમાં પણ લઘુત્તમ મર્યાદા કરતાં પેન્શન ઓછું ન રહેવું જોઈએ તેવી જોગવાઈ કરેલ છે. જેથી રહેમીયત પેન્શનની લઘુત્તમ મર્યાદા સુધારવા બાબતે સરકારશ્રી દ્વારા અલગ હુકમો કરવાની જરૂરીયાત નથી. તેવા મંતવ્યને અનુમોદન આપવા બાબતે પેન્શન અને પ્રોવિડંટ ફંડની કચેરી, ગાંધીનગર દ્વારા નાણાં વિભાગને દરખાસ્ત પાઠવેલ હતી.જે અન્વયે સરકારશ્રીના નાણાં વિભાગના તા.૧/૧૨/૨૦૦૬ના પત્રથી ઉકત મંતવ્યને અનુમોદન આપવામાં આવેલ છે.

આથી તમામ તિજોરી અધિકારીશ્રીઓને જણાવવાનું કે, તેઓની કચેરી તેમજ તાબાની પેટા તિજોરી કચેરીઓ ખાતેથી રહેમીયત પેન્શન મેળવતાં પેન્શનરોનું લઘુત્તમ પેન્શન રૂ.૧૨૭૫/- તા.૧/૧/૯૬ થી અથવા તેઓનું રહેમીયત પેન્શન મંજૂર થયેલ તારીખ બે માંથી જે મોડું હોય તે તારીખથી રીવાઈઝડ કરવા અંગેની ઘટતિ કાર્યવાહી હાથ ધરવા જણાવવામાં આવે છે.

નાયબ નિયામક
(તિજોરી નિયંત્રણ)

પ્રતિ,

૧. શ્રેયાન/ જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિલ્લા તિજોરી કચેરી, ..................... તરફ જાણ સારૂં.
૨. તિજોરી અધિકારીશ્રી, (પેન્શન) પેન્શન ચુંકવણા કચેરી, અમદાવાદ તરફ જાણ સારૂં.
૩. નિધિ નિરીક્ષણ અધિકારીશ્રી, હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, ગાંધીનગર તરફ જાણ તથા ઘટતિ કાર્યવાહી સારૂં.
૪. નાયબ નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડંટ ફંડની કચેરી, ગાંધીનગર તરફ તેઓના તા.૧૬/૧૨/૨૦૦૬ના પત્ર અન્વયે જાણ સારૂં.